For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રામદેવનગરમાં આરોગ્ય ટીમની આકસ્મિક તપાસમાં ભારે ગંદકી મળી

# ગંદકી સામે પાલિકાની કડક કાર્યવાહી, શિવમ બેકરી સીલ : સંચાલકને રૂ.૫૦ હજારનો દંડ

**ગંદકી** કરનારા અન્ય વેપારીઓ પાસેથી પણ રૂ. ૧૧,૫૦૦નો દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જાહેર સ્થળોએ કચરો ફેંકનારા તેમજ ડોર-ટુ-ડોર કચરા સંકલન વ્યવસ્થાનો ઉપયોગ નહીં કરનારા નાગરિકો અને વેપારીઓ સામે પાલિકા તંત્ર દ્વારા દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઝુંબેશના ભાગરૂપે રામદેવનગર વિસ્તારમાં આવેલી જાણીતી 'શિવમ બેકરી' ખાતે પાલિકાની આરોગ્ય શાખા અને વોર્ડ શાખાની ટીમે સંયુક્ત રીતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેકરી પરિસરમાં મોટા પ્રમાણમાં અસ્વચ્છતા અને ગંદકી જોવા મળી હતી. આરોગ્યલક્ષી નિયમોના ઉલ્લંઘન સામે પાલિકાની ટીમે સ્થળ પર જ બેકરીને સીલ કરી હતી. સાથે જ સંચાલકને રૂ.50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.



આ ઉપરાંત વિસ્તારમાં ગંદકી ફેલાવતી એક પાણીપુરીની દુકાનમાં પણ તપાસ કરવામાં આવી હતી. પાલિકાની ટીમ પહોંચતા દુકાનદારો દુકાન બંધ કરીને ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા દુકાનની બહાર કરવામાં આવેલા ગેરકાયદે દબાણો અને ચુલાઓને સ્થળ પર જ દૂર કરી નાશ કરવામાં આવ્યો હતો.

સફાઈ ઝુંબેશ દરમિયાન અન્ય સ્થળોએ જાહેરમાં ગંદકી કરતા પાંચ જેટલા ઈસમોને રંગેહાથ ઝડપી તેમની પાસેથી કુલ રૂ.11,500નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

પાલિકા અધિકારીઓએ ચેતવણી આપી છે કે શહેરના કોઈપણ વિસ્તારમાં જાહેરમાં ગંદકી કરનાર વેપારી કે વ્યક્તિ સામે દંડ, ગેરકાયદે દબાણ દૂર કરવા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાય તો ગંદકી ફેલાવતા એકમને સીલ પણ કરવામાં આવશે.પાલિકાએ નાગરિકો અને વેપારીઓને કચરો કચરાપેટી અથવા ડોર-ટુ-ડોર કચરા ગાડીમાં જ આપવા અને આસપાસ સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે.

### આજવા રોડની સ્કૂલમાં ૭૦૦૦ ફી બાકી હોવાથી ત્રાસ આપતા હોવાનો માતાનો આરોપ

# સરસ્વતી વિદ્યા મંદિર શાળામાં ફી મામલે વાલીને ધક્કા મારી બહાર કાઢ્યાનો આક્ષેપ

**વાલી** સાથે આવેલા વ્યક્તિએ દાદાગીરી કરી, બાળકને બહાર કાઢ્યાની વાત ખોટી : પ્રિન્સિપાલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના આજવા રોડ ઉપર આવેલી સરસ્વતી વિદ્યા મંદિર શાળામાં ફી બાબતે વિવાદ સર્જાયો છે. ધોરણ ત્રણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની ત્રણ મહિનાની ફી બાકી હોવાને લઈને શાળા સંચાલકો દ્વારા દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે આજે તેની માતાએ હોબાળો મચાવ્યો હતો.

વિદ્યાર્થીની માતા ગીતાબેન શાહુએ જણાવ્યું હતું કે, હું મૂળ યુપીના અયોધ્યાની છું. ગત વર્ષે મારા બાળકને આ સ્કૂલમાં એડમિશન અપાવ્યું હતું. હું સિંગલ મધર છું અને વડોદરામાં એકલી બાળક સાથે રહું છું. મારા બાળકની ત્રણ મહિનાની 7000 રૂપિયા જેટલી ફી બાકી હતી. ફેમિલીના કારણે મારે દિલ્હી રહેવું પડે છે. ફી ભરવા હું ખાસ દિલ્હીથી આવી હતી. મારા એક ગુજરાતી મિત્ર સાથે હું પ્રિન્સિપાલને રજૂઆત કરવા ગઈ ત્યારે પ્રિન્સિપાલે મારા બાળકને અને મારા મિત્રને ધક્કો મારી બહાર કાઢી મૂક્યા હતા અને એલસી લઈ જવાની ધમકી આપી હતી. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, ફી ન ભરી હોવાથી મારા બાળકને દોઢથી બે કલાક સુધી તડકામાં બહાર ઉભો રાખવામાં આવે છે અને તેને ડિફોલ્ટર કહેવામાં આવે છે. હું 12 થી 15 હજારની નોકરી કરી ગુજરાન ચલાવું છું, ફી ભરવી મુશ્કેલ છે. હવે નવમો મહિનો ચાલુ થઈ ગયો છે, હવે બીજી સ્કૂલમાં એડમિશન ક્યાં લેવા જવું? મારા બાળકનું ભવિષ્ય ખરાબ થશે. અહીં ભણાવતા શિક્ષકોને પોતાનો નંબર પણ યાદ નથી તો બાળકોને શું ભણાવશે? સમગ્ર મામલે શાળાના પ્રિન્સિપાલ કુસ્વાહાએ તમામ આક્ષેપોને ફગાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ શરૂઆતથી જ ફી ભરી નથી. ફી ભરવાની છેલ્લી તારીખ 15 જૂન હોય છે, ત્યારબાદ 15 જુલાઈ અને 15 ઓગસ્ટ થઈ ગઈ અને આજે 2જી સપ્ટેમ્બર થઈ ગઈ છતાં ફી જમા થઈ નથી. તેથી ક્લાસ ટીચરે માત્ર રિમાઈન્ડર માટે ફોન કર્યો હતો. જે મહિલા આવ્યા હતા તે વાલી તરીકે નહીં પરંતુ અન્ય એક વ્યક્તિને સાથે લઈને આવ્યા હતા અને સીધી દાદાગીરી કરવા લાગ્યા હતા. શાળામાં માતા-પિતા જ આવી શકે છે, અન્ય કોઈ વ્યક્તિને આવવાની જરૂર નથી, તેથી મેં તે ભાઈને બહાર જવાનું કહ્યું હતું. બાળકને ધક્કો માર્યો કે તડકામાં ઉભો રાખ્યો હોવાની વાત તદ્દન ખોટી છે. અમારી પાસે CCTV ફૂટેજ પણ છે. અમે ક્યારેય ફી ન ભરી હોય તો બાળકને બહાર કાઢતા નથી.

# દુકાનનું સીલ તોડવાના પ્રયાસ બદલ પિતા-પુત્ર સહિત ૩ સામે ફરિયાદ

**રૂ.50 લાખની** મોર્ગેજ લોનના હપ્તા ન ભરાતા ફાઇનાન્સ કંપનીએ દુકાનને સીલ કરી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ઉમા ચાર રસ્તા નજીક કોર્ટના આદેશથી પ્રોટીયમ ફાઈનાન્સના કબજામાં આપવામાં આવેલી મિલકતની સીલ તોડી દુકાનમાં પ્રવેશ કરવાનો પ્રયાસ થતાં ચકચાર મચી છે. રૂ.50 લાખની મોર્ગેજ લોનના હપ્તા નહીં ભરાતા દુકાન સીલ કરવામાં આવી હતી. તેમ છતાં પિતા-પુત્ર સહિત ત્રણ વ્યક્તિએ હથોડી વડે સીલવાળા તાળાને તોડવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ ફાઈનાન્સ કંપનીના અધિકારીએ નોંધાવી છે.

પ્રોટીયમ ફાઈનાન્સ લિમિટેડે વર્ષ 2022માં રાજપુતાના જ્યુસના પ્રોપરાઈટર મહેશભાઈ રમણભાઈ રાજપુત તથા તેમની પત્નીના નામે રૂ.50 લાખની ધંધાકીય લોન મંજૂર કરી હતી. લોનની સુરક્ષા પેટે ઉમા વિસ્તારમાં આવેલા મધુમતી કોમ્પ્લેક્સની દુકાન નં.3 મોર્ગેજ રાખવામાં આવી હતી. શરૂઆતમાં હપ્તા નિયમિત ભરાયા બાદ બાકી રહેતાં લોન ખાતું NPA જાહેર થયું હતું.

વસૂલાત માટે નોટિસ અને કોર્ટ કાર્યવાહી બાદ અધિકૃત કોર્ટ કમિશનરની હાજરીમાં દુકાનનો કબજો ફાઈનાન્સ કંપનીને સોંપી સીલ કરાયું હતું. અગાઉ પણ સીલ તોડી દુકાનમાં પ્રવેશ કરી ધંધો શરૂ કર્યાનો આક્ષેપ થયો હતો. તા.1 સપ્ટેમ્બરે બપોરે 12:40 વાગ્યે દુકાનનું તાળું તોડવાની હિલચાલની જાણ થતાં કંપનીના અધિકારીઓ સ્થળે પહોંચ્યા હતા. ત્યાં મહેશભાઈ અને તેમના પુત્ર કુલદીપભાઈ હાજર હતા. ડો. ગંગારામ તિવારીએ તાળું તોડી અંદર બેસી જવા જણાવ્યું હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મહેશભાઈ અને કુલદીપે હથોડીથી સીલવાળા તાળાને તોડવાનો પ્રયાસ કર્યો હતો અને એક તાળું તોડી નાખ્યું હતું. પોલીસે ત્રણેય સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

### અમદાવાદ એરપોર્ટ બહાર અજાણ્યા વ્યક્તિને પાર્સલ પહોંચાડવાનું હતું

# થાઈલેન્ડથી આવેલા વડોદરાના દંપતીની ટ્રોલીમાંથી રૂ.૧.૯૦ કરોડનો ગાંજો ઝડપાયો

**બે દિવસમાં** ત્રણ પેસેન્જર પાસેથી રૂ.8 કરોડથી વધુનો ગાંજો ઝડપાયો, તહેવારોની સિઝનને પગલે કસ્ટમ વિભાગ એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ગાંજાની હેરાફેરીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. થાઈલેન્ડથી અમદાવાદ આવેલા વડોદરાના એક દંપતીની ટ્રોલી બેગમાંથી રૂ.1.90 કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતો 1 કિલો 928 ગ્રામ હાઈબ્રીડ ગાંજો કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ અધિકારીઓએ ઝડપી પાડ્યો છે. ગાંજાની હેરાફેરીના



#### દંપતી રૂ.300 ડોલરની લાલચે થાઈલેન્ડ ગયા હતા

અમદાવાદના એરપોર્ટ ઉપર ગાંજા ની હેરાફેરી કરતા વડોદરા નું દંપતિ પકડાયું છે આ દંપત્તિને સુરતના એક વ્યક્તિએ 300 ડોલર આપીને થાઈલેન્ડ જવાની અને પરત આવવાની ટિકિટ કરાવી આપી હતી પેસેન્જર અચલ ગોહિલ અને તેની પત્ની નિશા ગોહિલ કમિશનની લાલચમાં થાઈલેન્ડ ગયા હતા અને ત્યાંથી ગાંજો લઈને આવ્યા હતા પેસેન્જર અચલ ગોહિલ રીક્ષા ચલાવતો હોવાનું બહાર આવ્યું છે.

આરોપસર દંપતીની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક પૂછપરછમાં દંપતીએ તેઓ થાઈલેન્ડ ફરવા ગયા હોવાનું અને ત્યાં તેમને એક પાર્સલ અમદાવાદ પહોંચાડવા માટે આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગની બહાર એક વ્યક્તિ પાર્સલ લેવા માટે આવવાનો હતો અને તેને પાર્સલ પહોંચાડવાનું હતું. કસ્ટમના પેકેજ એક્સ-રે મશીનમાં ટ્રોલી બેગ શંકાસ્પદ જણાતા તપાસ કરવામાં આવી હતી. બેગમાંથી પ્લાસ્ટિકના વેક્યુમ પેકિંગમાં રાખેલા ગ્રીન કલરના 10 પેકેટ મળી આવ્યા હતા. પેકેટ ખોલતાં તેમાં હાઈબ્રીડ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું.

નોંધનીય છે કે મંગળવારે જ થાઈલેન્ડથી વિયેતનામ થઈ અમદાવાદ આવેલી 22 વર્ષીય યુવતીના હેન્ડબેગમાંથી પણ રૂ.6 કરોડથી વધુની કિંમતનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો. આમ, છેલ્લા બે દિવસમાં અમદાવાદ એરપોર્ટ પરથી ત્રણ પેસેન્જર પાસેથી અંદાજે રૂ.8 કરોડથી વધુનો ગાંજો ઝડપાયો છે. તહેવારોની સિઝન નજીક આવતા ગાંજાની હેરાફેરી વધવાની શક્યતાને પગલે એરપોર્ટ કસ્ટમ વિભાગે પેસેન્જરોની અવરજવર અને બેગેજ ચેકિંગમાં સતર્કતા વધારી છે. આધુનિક એક્સ-રે મશીન તથા પેસેન્જરોના ડેટાના આધારે શંકાસ્પદ હેરાફેરી પર નજર રાખવામાં આવી રહી છે.

# મહેસૂલ વિભાગની ઓનલાઈન સેવાઓ ૫ દિવસ બંધ રહેશે

**ટેકનિકલ** અપડેશન-મેઈન્ટેનન્સના કારણે ૨ સપ્ટેમ્બર રાત્રેથી ૬ સપ્ટેમ્બર સુધી ઈ-ધરા, આઈ-ઓરા અને એન-આર-ઓ-આર પોર્ટલની સેવાઓ સ્થગિત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા નાગરિકોને જમીન સંબંધિત સેવાઓ સરળતાથી મળી રહે તે માટે વિવિધ ડિજિટલ પોર્ટલ કાર્યરત કરવામાં આવ્યા છે. જોકે, ટેકનિકલ અપડેશન અને મેઈન્ટેનન્સની કામગીરીને કારણે વિભાગની મહત્વપૂર્ણ ઓનલાઈન સેવાઓ પાંચ દિવસ માટે બંધ રહેશે.

મહેસૂલ વિભાગની સૂચના મુજબ **2 સપ્ટેમ્બર, 2026ના રાત્રે 11:30 વાગ્યાથી 6 સપ્ટેમ્બર, 2026ના રાત્રે 11:30 વાગ્યા સુધી** ઈ-ધરા, આઈ-ઓરા અને એન-આર-ઓ-આર પોર્ટલ પર ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં.

આ સમયગાળા દરમિયાન ખેતીની જમીન સંબંધિત દસ્તાવેજોની ડેટા એન્ટ્રી, એપોઈન્ટમેન્ટ બુકિંગ તેમજ દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા બંધ રહેશે. ઉપરાંત ઈન્ડેક્સ-2 અને રજિસ્ટર્ડ દસ્તાવેજની પ્રમાણિત નકલ મેળવવાની સુવિધા પણ ઉપલબ્ધ નહીં રહે. તે ઉપરાંત 7/12 અને 8-અની નકલ, હક્કપત્રક (ગામ નમૂના નં. 6), ઓનલાઈન વારસાઈ તથા બિનખેતી સંબંધિત અરજીઓની પ્રક્રિયામાં પણ કામચલાઉ વિલંબ થવાની શક્યતા છે. મહેસૂલ વિભાગની આ ડિજિટલ સેવાઓ નિર્ધારિત સમયગાળા દરમિયાન સંપૂર્ણપણે સ્થગિત રહેશે. સિસ્ટમનું અપડેશન અને મેઈન્ટેનન્સ પૂર્ણ થયા બાદ સેવાઓ ફરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે અને નાગરિકો જમીન દસ્તાવેજો તથા રેકોર્ડ ઓનલાઈન મેળવી શકશે. આગામી દિવસોમાં જમીન કે દસ્તાવેજ સંબંધિત જરૂરી કામગીરી કરનાર નાગરિકોએ પાંચ દિવસની સેવા-સ્થગિતની બાબતને ધ્યાનમાં રાખી જરૂરી આયોજન કરવા મહેસૂલ વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

### પૈસા ઉપાડવા ગયા તો ઓનલાઈન ઠગાઈનો ખેલ ખુલ્યો

# ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે એન્જિનિયર પરિવાર સાથે રૂ.૧૩.૮૩ લાખની છેતરપિંડી

**શરૂઆતમાં** રૂ.૨૧.૭૭ લાખ પરત આપી વિશ્વાસ કેળવ્યો, બાદમાં નફા સહિતની રકમ ઉપાડવા દીધી નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ભાયલી વિસ્તારમાં રહેતા 54 વર્ષીય મિકેનિકલ એન્જિનિયર અને તેમના પરિવાર સાથે ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે રૂ.13.83 લાખની છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. INVOICETRADES નામના ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે પરિવારના પત્ની, પુત્રી અને પુત્રના ખાતામાંથી કુલ રૂ.35.61 લાખનું રોકાણ કરાવાયું હતું. શરૂઆતમાં રૂ.21.77 લાખ પરત કરી વિશ્વાસ કેળવ્યા બાદ બાકીના રૂ.13.83 લાખ પરત નહીં આપી છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાઈ છે.

ભાયલીની અર્થ ઈન્ફિનિટીમાં રહેતા કાલીયાપેરુમલ ગોવીંદરાસુ ખાનગી કંપનીમાં મિકેનિકલ એન્જિનિયર છે. ફરિયાદ મુજબ, જુલાઈ 2022માં તેઓ રોકાણ માટે ગૂગલ પર સર્ચ કરી રહ્યા હતા ત્યારે INVOICETRADES નામનું પ્લેટફોર્મ મળ્યું હતું. વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કર્યા બાદ ઈ-મેઈલ મારફતે એકાઉન્ટ મંજૂર થયાની જાણ કરાઈ હતી.

ત્યારબાદ વોટ્સએપ મારફતે અજાણ્યા શખ્સો દ્વારા વિવિધ કંપનીમાં કેટલું રોકાણ કરવું તેની માહિતી મોકલવામાં આવતી હતી. તેમની સૂચના મુજબ પ્રથમ પત્નીના નામે, ત્યારબાદ પુત્રી અને પુત્રના નામે પણ એકાઉન્ટ ખોલાવી રોકાણ કરવામાં આવ્યું હતું.

પત્નીના ખાતામાંથી રૂ.7.26 લાખ, પુત્રીના ખાતામાંથી રૂ.25.85 લાખ અને પુત્ર તથા અન્ય ખાતામાંથી રૂ.2.50 લાખ મળી કુલ રૂ.35.61 લાખ ટ્રાન્સફર કરાયા હતા. વિશ્વાસ જાળવવા આરોપીઓએ અલગ-અલગ સમયે રૂ.21.77 લાખ પરત કર્યા હતા. દરમિયાન પ્લેટફોર્મ પર રોકાણ સામે મોટો નફો દર્શાવાતો હોવાથી પરિવારનો વિશ્વાસ વધ્યો હતો. જોકે, નાણાં ઉપાડવા માટે વિથડ્રોઅલ રિક્વેસ્ટ કરતાં તે મંજૂર કરાઈ નહોતી. વારંવાર પ્રયાસ છતાં રકમ પરત નહીં મળતાં છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થઈ હતી. સાયબર ક્રાઈમ પોલીસે મોબાઈલ નંબર, બેંક ખાતા, UPI વ્યવહારો અને ઓનલાઈન પ્લેટફોર્મ સાથેના જોડાણની તપાસ શરૂ કરી છે.

# PMની મુલાકાતને લઈ હોટલ અને ગેસ્ટ હાઉસમાં ચેકીંગ

**CCTV કેમેરા** કાર્યરત છે કે નહીં અને તેનું રેકોર્ડિંગ યોગ્ય રીતે થઈ રહ્યું છે કે નહીં તેની પણ ચકાસણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં વડોદરા શહેરની મુલાકાતે આવનાર હોવાથી સુરક્ષાને લઈને શહેર પોલીસ એલર્ટ મોડમાં આવી છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચે શહેરની હોટલો, ગેસ્ટ હાઉસ તેમજ શહેરમાં પ્રવેશતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચે વિવિધ ટીમો બનાવી હોટલ અને ગેસ્ટ હાઉસમાં રોકાયેલા લોકોની રજીસ્ટરમાં એન્ટ્રી થઈ છે કે નહીં તેની ચકાસણી કરી હતી. સાથે આધારકાર્ડ સહિતના ઓળખ પુરાવાનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.




હોટલ સંચાલકો મહેમાનોની વિગતો નિયમ મુજબ ઓનલાઈન અપલોડ કરે છે કે નહીં તેની પણ તપાસ કરાઈ હતી.

પોલીસે હોટલના રિસેપ્શન, લોબી તેમજ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પરના CCTV કેમેરા કાર્યરત છે કે નહીં અને રેકોર્ડિંગ યોગ્ય રીતે થઈ રહ્યું છે કે નહીં તેની ચકાસણી કરી હતી. શંકાસ્પદ ઈસમો અને રૂમોની પણ તપાસ કરવામાં આવી હતી.

બીજી તરફ શહેરમાં પ્રવેશતા વાહનો અને શંકાસ્પદ જણાતા વાહનચાલકોની પૂછપરછ કરી વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલકોને અજાણી કે શંકાસ્પદ વ્યક્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપી છે.

### એડમિશન નહીં મળતાં આપેલા ચેક પણ બાઉન્સ

# મેડિકલના એડમિશન માટે વિદ્યાર્થીના પિતા પાસેથી ઠગે રૂ.૫૫ લાખ ખંખેર્યા

**સુભાનપુરાના** વિદ્યાર્થીને પ્રવેશ અપાવવાની ખાતરી આપી રૂ.૧૦ લાખ ચેકથી અને રૂ.૪૫ લાખ રોકડા લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

પુત્રને ડોક્ટર બનાવવાના સપનાને સાકાર કરવા મેડિકલ કોલેજમાં એડમિશન મેળવવાની દોડમાં પિતાએ કેટલાક લોકો પર વિશ્વાસ મૂક્યો હતો. જોકે, આ વિશ્વાસ ભારે પડ્યો હતો. સુભાનપુરાના વિદ્યાર્થીને મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની ખાતરી આપી પાંચ વ્યક્તિઓએ તેના પિતા પાસેથી કુલ રૂ.55 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ ગોરવા પોલીસ મથકમાં નોંધાઈ છે.

સુભાનપુરાના અમૃતા પાર્કમાં રહેતા દિક્ષીત મુકેશકુમાર સુરેન્દ્રભાઈ (ઉં.વ.56)ની ફરિયાદ મુજબ, તેમના પુત્ર શિવાંગે ધોરણ-12 સાયન્સ પૂર્ણ કર્યું હતું. પુત્રને મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરાવવાની ઈચ્છાથી તેઓ એડમિશનની માહિતી મેળવી રહ્યા હતા. દરમિયાન એપ્રિલ-2019માં મેડિકલ એડમિશનની જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક થતાં અજીતેષકુમાર સારંગી સહિતના લોકોનો સંપર્ક થયો હતો. આરોપીઓએ અગાઉ અનેક વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવ્યાનો દાવો કરી વિશ્વાસ કેળવ્યો હતો. શરૂઆતમાં એડમિશન માટે રૂ.10 લાખની માંગણી થતાં ફરિયાદીએ યુનિયન બેંકના ત્રણ ચેકથી ઓરબીટલ કેરિયરના ખાતામાં રકમ જમા કરાવી હતી. NEET પરીક્ષા પહેલાં વધુ રૂ.45 લાખ રોકડા તૈયાર રાખવા જણાવાયું હતું. પુત્રનું એડમિશન થઈ જશે તેવી આશાએ ફરિયાદીએ સગા-સંબંધીઓ પાસેથી નાણાં એકત્ર કરી રૂ.45 લાખ રોકડા ચૂકવ્યા હતા. આમ કુલ રૂ.55 લાખ ચૂકવાયા હતા.

#### એડમિશન ન મળતાં ૨૦૨૦ની નવી ખાતરી

NEETનું પરિણામ આવ્યા બાદ પણ એડમિશન નહીં મળતાં આરોપીઓએ 2020માં પ્રવેશ અપાવવાની ખાતરી આપી હતી. 2020માં પણ પ્રવેશ નહીં મળતાં નાણાં પરત માંગ્યા હતા. આરોપીઓએ ચેક આપ્યા, પરંતુ બેંકમાં રજૂ કરતાં ચેક બાઉન્સ થયા હતા. વારંવાર માંગણી છતાં રકમ પરત નહીં મળતાં અંતે ગોરવા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે અજીતેષકુમાર સારંગી, તેજલ સારંગી, ચાજનીક ચંદ્રેશ દિવ્યકાંત, રણજીત મુખીયા અને સંજીવ ઝા સામે ગુનો નોંધી બેંક વ્યવહારો, ચેક અને એડમિશન સંબંધિત દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે.

### પૂર્વ કાઉન્સિલરની હોટલ FSSAI લાયસન્સ વગર ચાલતી હોવાનો ખુલાસો

# રેલવે સ્ટેશન સામેની 'ગાયત્રી ભવન' હોટલ પર વીએમસીના દરોડા: સીલ કરાઈ

**ખાદ્યપદાર્થોના** સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના રેલવે સ્ટેશન સામે આવેલી અને પૂર્વ કાઉન્સિલર જીતુ સેવાણીની જાણીતી 'ગાયત્રી ભવન' હોટલ પર મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા અચાનક દરોડા પાડવામાં આવ્યા છે. ફૂડ સેફ્ટી ટીમની આ આકસ્મિક તપાસ દરમિયાન ગંભીર લાપરવાહી સામે આવતાં જ તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને હોટલને બંધ કરાવી દેવામાં આવી છે.

તપાસ દરમિયાન એવો ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આ હોટલ કોઈપણ પ્રકારના કાયદેસરના FSSAI લાયસન્સ વગર જ ધમધમી રહી હતી. કાયદાકીય નિયમોના થઈ રહેલા ખુલ્લેઆમ ભંગને ધ્યાનમાં રાખીને તંત્રએ તાત્કાલિક કડક પગલાં લીધાં હતાં. આ ઉપરાંત, સ્થળ પર હાજર ફૂડ સેફ્ટી ટીમ દ્વારા વિવિધ ખાદ્યપદાર્થોના સેમ્પલ મેળવીને તેને વધુ તપાસ અને ગુણવત્તા ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.




આ સમગ્ર મામલે વીએમસી દ્વારા સ્પષ્ટ અને કડક સંદેશ આપવામાં આવ્યો છે કે સત્તાવાર હોદ્દો કે પૂર્વ સભ્યપદ ધરાવતી વ્યક્તિના વ્યવસાયમાં પણ જો કાયદા અને નિયમોનું ઉલ્લંઘન થશે, તો કાયદો સૌ માટે સરખો જ રહેશે. નિયમોનો ભંગ કરનાર ગમે તેટલી વગદાર વ્યક્તિ હશે તો પણ તેની સામે કોઈપણ ભેદભાવ વગર નિષ્પક્ષ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# સરદાર એસ્ટેટ સર્કલની દુર્દશા, પાલિકાની કામગીરી સામે સવાલ

**સ્વચ્છતાના** નામે નાના વેપારીઓ પાસેથી દંડ વસૂલતા તંત્રની જાહેર સર્કલની જાળવણીમાં બેદરકારી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

સ્માર્ટ સિટી અને ક્લીન સિટીની વાતો કરતા વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને નિયમોના ભંગ બદલ નાના વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. જોકે, બીજી તરફ જાહેર સર્કલોની જાળવણીમાં બેદરકારી સામે આવતા પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

સરદાર એસ્ટેટ ચાર રસ્તા પર આવેલા સર્કલનું નિર્માણ થયું ત્યારે તે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું અને સંબંધિત સંસ્થાના સહયોગથી સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યું હતું. જોકે, સમય જતાં યોગ્ય જાળવણીના અભાવે તેની હાલત કથળી



ગઈ છે. સર્કલમાં મૂકવામાં આવેલા કલાત્મક સ્ટેચ્યુ સહિતની વિવિધ રચનાઓ તૂટી જતાં ખખડધજ બની છે. આસપાસના વિસ્તારમાં પણ ગંદકી અને કચરો જોવા મળતા દુર્ગંધ ફેલાઈ રહી છે. નાગરિકોનું કહેવું છે કે માત્ર સર્કલનું નિર્માણ કરી તેનું લોકાર્પણ કરવું પૂરતું નથી, પરંતુ તેની નિયમિત જાળવણી કરવી પણ તંત્રની જવાબદારી છે. પાલિકા સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓ સામે કડક કાર્યવાહી કરે છે તેમ પોતાના હસ્તકની જાહેર મિલકતોની જાળવણીમાં પણ ગંભીરતા દાખવે તેવી માંગ ઉઠી છે.

### રિદ્ધિ ટાવરની લિફ્ટના ભાગમાંથી લાશ મળતાં ચકચાર

# વાસણા રોડની નિર્માણાધીન સાઈટ પરથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

**હત્યા,** અકસ્માત કે આપઘાત અંગે તપાસ

(પ્રતિનિધિ) વડોદરા. તા. ૨

વડોદરા શહેરના વ્યસ્ત વાસણા રોડ પર આવેલી ભવન્સ ગ્રુપની નિર્માણાધીન 'રિદ્ધિ ટાવર' સાઈટ પરથી અજાણ્યા વ્યક્તિનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. લિફ્ટના ભાગમાંથી મૃતદેહ મળી આવતાં આસપાસના વિસ્તારમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રિદ્ધિ ટાવરના બાંધકામ સ્થળે લિફ્ટના ભાગમાં અજાણ્યા ઈસમનો મૃતદેહ જોવા મળ્યો હતો. મૃતક કોણ છે અને બાંધકામ સાઈટ પર કેવી રીતે પહોંચ્યો તે અંગે હાલ કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી. ઘટનાની જાણ થતાં જ ગોત્રી



પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી તપાસ શરૂ કરી હતી.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી GMERS હોસ્પિટલમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકની ઓળખ મેળવવા તેમજ ઘટનાની હકીકત જાણવા પોલીસ દ્વારા સાઈટ પર કામ કરતા મજૂરો અને અન્ય લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે.

નિર્માણાધીન બિલ્ડિંગની લિફ્ટના ભાગમાંથી મૃતદેહ મળતાં પોલીસ દ્વારા હત્યા, અકસ્માત અથવા આપઘાત સહિતની વિવિધ શક્યતાઓને આધારે તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હાલ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

પોલીસના જણાવ્યા મુજબ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે. મૃતકની ઓળખ થયા બાદ તપાસને વધુ દિશા મળવાની શક્યતા છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.